**(શરૂ–૦૧:૩૫, પુર્ણ–૦૨:૦૦)**

**સોગંદ આપ્યા.....**

**વાદીશ્રી લાલજીભાઈ પમાભાઈ રાઠોડની આંક–૩૦ની સરતપાસ લગત પ્રતિવાદી તરફે ઉલટતપાસ વિ.વ.શ્રી ડી.કે.રાવલ.**

(૧) હું મેરુપર મુકામે રહુ છુ. હું અભણ છુ. એ વાત ખરી છે કે મારી સરતપાસના સોગંદનામામા લખેલી હકીકતો મને વાંચ સંભળાવેલી છે અને તે હકીકતોથી હું વાકેફ છુ. એ વાત ખરી છે કે મે મારી સરતપાસના સોગંદનામા સાથે જે દસ્તાવેજી પુરાવા લીસ્ટ સામેલ રાખેલ છે તેની હકીકતોથી હુ વાકેફ છુ. મારી મેરુપરની જમીન ખારાપટના નામથી ઓળખાય છે. તેનો સર્વે નં.૪૧૯ છે. એ વાતની મને ખબર નથી કે હું જે જમીન જણાવુ છુ તે સર્વે નં .૪૧૯ છે કે ૪૧૯ પૈકીની છે. આ જમીનની ચતુર્દિશા મુજબ જમીનની ઉગમણી બાજુ રોડ આવેલ છે, આથમણી બાજુ મારગ છે, ઓતરાદી બાજુ પડખેના દબાણવાળા અને દખણાદી બાજુ મારગ છે. એ વાત ખરી નથી કે મે સર્વે નં.૪૧૯વાળી જમીનનો દાવો કરેલ નથી. આ જમીનનુ માપ આઠ એકર છે. મારા પિતાને આ જમીન સરકારી સાંથણીમા મળેલ હતી અને ત્યારબાદ તેમના વારસદાર તરીકે હું ખેડુ છુ. મારા પિતાના સંતાનોમા વારસદાર તરીકે હું પોતે તથા મારી ત્રણ બહેનો છે. એ વાત ખરી છે કે મે હાલના દાવામા મારી ત્રણ બહેનોને વાદી તરીકે પક્ષકારમા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મે મારી દાવા અરજી કે આંક–૩૦ની સરતપાસના સોગંદનામામા પણ મારા પિતાના મારા સીવાય અન્ય ત્રણ વારસો છે. એ વાત ખરી નથી કે મે હાલની દાવાવાળી જમીન મારા પિતાને સરકારશ્રી તરફથી સાંથણીમા મળેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મારા પિતાશ્રીને સરકારશ્રી તરફથી સાંથણીમા મળેલ જમીનનો કબજા હકક, માપણીશીટ કે ચતુર્દિશાના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ નથી.

સવાલ:– દાવાવાળી જમીન તમારા પિતાશ્રીને સાંથણીમા મળેલી તેવુ જણાવો છો તો

તમારા પિતાશ્રી આ જમીન સીવાય બીજે કયાય જમીન ખેડતા હતા?

જવાબ:– ના.

આ તબકકે કોર્ટ રીશેષ સમય થતા વધુ ઉલટ તપાસ મુલતવી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૧/૧૨/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

**<u>(શરૂ–૦૩:૦૪, પુર્ણ–૦૩:૪૨)</u>**

**<u>ફરી સોગંદ આપ્યા.....</u>**

**<u>વાદીશ્રી લાલજીભાઈ પમાભાઈ રાઠોડની આંક–૩૦ની સરતપાસ લગત પ્રતિવાદી તરફે વધુ ઉલટતપાસ વિ.વ.શ્રી ડી.કે.રાવલ.</u>**

(ર) એ વાત ખરી છે કે હાલનો દાવો દાખલ કરતી વખતે મે પક્ષકાર તરીકે પ્રતીવાદીમા રજપુત હનુભાઈ ઘેલાભાઈ, રજપુત રૂપાભાઈ બેચરભાઈ અને રજપુત બનેસંગભાઈ માનસંગભાઈ તથા તેમના વારસોને જોડેલા. એ વાત ખરી છે કે રજપુત ઘનશ્યાભાઈ હનુભાઈ તથા રજપુત દોલુભાઈ હનુભાઈને રજપુત હનુભાઈ ઘેલાભાઈ અવસાન પામતા તેમના વારસદાર તરીકે જોડેલા. એ વાત ખરી છે કે રજપુત રૂપાભાઈ બેચરભાઈ અવસાન પામતા તેમના વારસદાર તરીકે રજપુત બનેસંગભાઈ રૂપાભાઈને જોડેલા. એ વાત ખરી છે કે રજપુત હનુભાઈ ઘેલાભાઈ ગુજરી જતા તેમનો પેઢીઆંબો રજુ કરેલ નથી તેમજ તેમના કેટલા વારસદારો છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે રજપુત હનુભાઈ ઘેલાભાઈનુ અવસાન થતા તેમના વારસદાર તરીકે રજપુત ઘનશ્યામભાઈ હનુભાઈ તથા રજપુત દોલુભાઈ હનુભાઈને વારસ તરીકે જોડેલ પરંતુ તેમના કેટલા વારસદારો હતા તેની કોઈ તપાસ મે કરેલ નથી. પ્રતીવાદી નં.૧ની જમીન, વાદીની જમીનથી પશ્ચીમ દિશાએ આવેલી છે. એ વાત ખરી નથી કે પ્રતીવાદી નં.૧ની જમીન વાદીની જમીનથી પશ્ચીમ દિશાએ કોઈ જ જમીન આવેલ નથી. આ દાવામા ડીઆઈએલઆરનું પંચનામાનુ પંચનામુ થયુ ત્યારે હું ત્યારે હાજર ન હતો. મે ડીઆઈએલઆરએ કરેલ પંચનામામા કરેલ રોજકામમા કોઈ સહી કરેલ નથી. હવે મને આંક–૧૯નુ ડીઆઈએલઆરનુ પંચરોજકામ બતાવી પુછતા હું જણાવુ છુ કે તેમા મે અંગુઠાનુ નીશાન કરેલ. એ વાત ખરી છે કે આંક–૧૯ના ડીઆઈએલઆર દ્વારા કરવામા આવેલ પંચનામા સામે મે કોઈ વાંધો તકરાર લેખીતમા ઉપસ્થીત કરી રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ડીઆઈએલઆર દ્વાર સ્થળનો નકશો રજુ રાખેલ તે અંગે પણ મે કોઈ

વાંધો તકરાર લેખીતમા ઉપસ્થીત કરી રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ડીઆઇએલઆર જયારે પંચરોજકામ કરવા સ્થળ પર આવેલા ત્યારે મે ડીઆઇએલઆરને સાંથણીની જમીન સરકારશ્રીએ મારા પિતાશ્રીને સોંપતી વખતે કરેલ માપણીની શીટ તથા કબજા પ્રમાણપત્ર કે ચતુર્દિશાનો દાખલો રજુ રાખેલ નહી. મને પ્રતીવાદી નં. ૧, ૨ કે ૩ ના કોઈ સર્વે નંબર ખ્યાલ નથી. આ કામના પ્રતીવાદીઓ હેરાનપરેશાન કરતા હોવા અંગે મે કોઈ પોલીસ ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામના પ્રતીવાદીઓને દાવો દાખલ કરતા અગાઉ કોઈપણ જાતની કોઈ નોટીસ આપેલ નથી.

સવાલ:– આ કામના વાદીની જમીનની ઉતરથી પશ્ચીમના છેડે પ્રતીવાદી નં.૧ થી ૩ની કોઈ જમીન આવેલ નથી?

જવાબ:– ખોટી વાત છે, દબાણ કરેલ છે.

એ હું કહી શકુ નહી કે આ કામના પ્રતીવાદીઓ એકસંપ કરી અને તેમના માણસો કયારે ટ્રેકટર લઈને આવેલા અને જમીન છોડી દેવાની તથા વેચી દેવાની ધમકી આપેલી. એ વાત ખરી છે કે આ કામના પ્રતીવાદીઓ સામે મે તેમના માણસો ટ્રેકટર લઈને જમીન છોડી દેવાની અને ધમકી આપવા એકસંપ કરીને આવેલા તે બાબતની કોઈ જ ફરીયાદ આપેલ નથી. મને ખરાબાની જમીન તથા પોત ખરાબાની જમીન કોને કહેવાય તેનો ખ્યાલ નથી. મારી જમીનની આજુબાજુ ખરાબાની જમીન છે કે પોત ખરાબાની જમીન છે તેનો મને ખ્યાલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી જમીનની આજુબાજુ ખરાબાની જમીન આવેલી છે. એ વાત ખરી નથી કે આ કામના પ્રતીવાદીઓએ કયારેય મને મારા ખેતરમા પ્ર વેશ કરી ખેતર ખાલી કરી નાખવાની કે ખેતર વેચી દેવાની ધમકી આપેલ નથી. એ વાત ખરી નથી કે અમારી જમીનની ઉતર થી પશ્ચીમના છેડે આ કામના પ્રતીવાદીઓની કોઈ જમીન આવેલ નથી. એ વાત ખરી નથી કે દાવો દાખલ કરવા માટેનુ કોઈ પણ કારણ પ્રતીવાદીઓ સામે ઉપસ્થીત ન થયેલ હોવા છતા હાલનો ખોટો દાવો પ્રતીવાદીઓ વિરૂધ્ધ દાખલ કરી હું તેના સમર્થનમા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે મે અમારી સાં

થણીની જમીન સર્વે નંબર ૪૧૯ની હોવાનુ દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે મે મારી સુધારેલી દાવા અરજી મને વાંચી સંભળાવેલી જે મે સમજીને મારા અંગુઠાનુ નીશાન કરેલ છે. એ વાત ખરી છે કે મે મારી સુધારેલી દાવા અરજીમા દાવો દાખલ કરવાનુ કારણ કઈ તારીખે ઉપસ્થીત થયેલુ તે તારીખ લખેલ નથી. એ વાત ખરી નથી કે આ કામના પ્રતીવાદી સામે અમોને ગામની અંદર એકબીજાને મનમેળ ન હોવાના કારણે ખોટો દાવો દાખલ કરેલ છે.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.
તારીખ:– ૧૧/૧૨/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ